**શ્રાવણ વદ ૧૫, બુધવાર તા. ૨૯-૮-૧૯૬૨**
**કાવ્ય-૧૦ થી ૧૪, પ્રવચન-૩**

## કાવ્ય-૧૦

स्मरः सुदग्धो भवतैव तस्मिन्,
उद्धूलितात्मा यदि नाम शम्भुः।
अशेत वृन्दोपहतोऽपि विष्णुः,
किं गृह्यते येन भवानजागः।।

કામ જલાયા તુમને સ્વામી, ઈસીલિયે યહ ઉસકી ધૂલ,
શંભુ રમાઈ નિજ શરીર મેં, હોય અધીર મોહ મેં ભૂલ.
વિષ્ણુ પરિગ્રહયુત સોતે હૈં, લૂટે ઉન્હેં ઈસી સે કામ,
તુમ નિર્ગ્રંથ જાગતે રહતે, તુમસે ક્યા છીને વહ વામ.

અન્વયાર્થ :— હે પ્રભુ! (भवता एव) આપ કે દ્વારા હી, (स्मरः) કામ (सुदग्धः) અચ્છી તરહ ભસ્મ કિયા ગયા હૈ. (यदि नाम शम्भुः) યદિ કહેં કિ મહાદેવ ને ભી તો ભસ્મ કિયા થા તો વહ કહના ઠીક નહીં, ક્યોંકિ બાદ મેં વહ (तस्मिन्) ઉસ કામ કે વિષય મેં (उद्धूलितात्मा) કલંકિત હો ગયા થા ઔર (विष्णु अपि) વિષ્ણુ ને ભી (वृन्दोपहतः सन्) વૃંદા—લક્ષ્મી નામક સ્ત્રી સે પ્રેરિત હોકર ઉસકે સાથ (अशेत) શયન કિયા થા, (येन) લેકિન (भवान् अजाग) આપ જાગૃત રહે હો અર્થાત્ કામનિદ્રા મેં અચેત નહીં હુએ, ઈસલિયે (किं गृह्यते) કામદેવ કે દ્વારા આપ કી કૌન-સી વસ્તુ ગ્રહણ કી જાતી હૈ અર્થાત્ કોઈ ભી નહીં.

ભાવાર્થ :— હે ભગવન્! જગદ્વિજયી કામ કો આપને હી ભસ્મ કિયા થા. લોગ જો કહા કરતે હૈં કિ મહાદેવ ને ભસ્મ કિયા થા, વહ ઠીક નહીં હૈ ક્યોંકિ બાદ મેં મહાદેવ ને પાર્વતી કી તપસ્યા સે પ્રસન્ન હો ઉસકે સાથ વિવાહ કર લિયા થા ઔર કામ મેં ઈતને આસક્ત હુએ કિ અપના આધા શરીર સ્ત્રીરૂપ કર લિયા થા. ઈસી તરહ વિષ્ણુ ને ભી વૃંદા—લક્ષ્મી કે વશીભૂત હોકર તરહ-તરહ કી કામચેષ્ટાએં કી થી, પર આપ હમેશા સે આત્મવ્રત મેં લીન રહે તથા કામ કો ઈસ તરહ પછાડા કિ વહ પનપ નહીં સકા. ૧૦.

## કાવ્ય-૧૦ ઉપર પ્રવચન

આ એક વિષાપહાર નામનું સ્તોત્ર ભગવાનની સ્તુતિ છે ભગવાનની. ખરેખર તો અંદર આત્મ ભગવાનની સ્તુતિ ગાઈ છે. અંદર વિષ-અપહાર. વિષ નામ મિથ્યાત્વનું ઝેર એનો નાશ થઈ અને રાગ-દ્વેષ-મોહનો સર્વથા નાશ થઈ અને આત્માની વીતરાગતા સમ્યક્ આચરણપૂર્વક વીતરાગદશા પ્રગટે એનું આ સ્તોત્ર છે. શેઠી!

નવમી ગાથામાં આવ્યું. હે નાથ! છતાં વિષયના સુખ મળતા તેને છોડી, અણછતા એવા અતીન્દ્રિય આનંદના સુખના આપ અભિલાષી થયા. એટલે અનંત આનંદ જે આત્મામાં હતો એને આપે પ્રગટ કર્યો. એમ મને વિશ્વાસ આવે છે. જુઓ! આ દેવની ઓળખાણ કરે એ પોતાની ઓળખાણ કરે છે એમ અહીંયાં ચાલે છે. આપે સંસારના સુખની ઈચ્છાની ઝાંખ પણ કરી નહિ. મળતા છતાં છોડ્યા. અને ભગવાન આત્માનો આનંદ તો અવ્યક્ત છે. બાહ્ય દેખવામાં આવતો નથી એને આપે પ્રગટ કર્યો. અનંત આનંદસ્વરૂપ પ્રભુ, એમાંથી પ્રગટ કરી અતીન્દ્રિય આનંદના સ્વરૂપમાં એકાકાર થયા. પ્રભુ! આપ જ પુરુષોત્તમ પુરુષ છો. એમ કહીને નવમામાં વિરોધાભાસ અલંકારની બે-ત્રણ વાતું કરી.

૧૦મી.

**स्मरः सुदग्धो भवतैव तस्मिन्,**
**उद्धूलितात्मा यदि नाम शम्भुः।**
**अशेत वृन्दोपहतोऽपि विष्णुः,**
**किं गृह्यते येन भवानजागः॥**

એનું હિન્દી.

**કામ જલાયા તુમને સ્વામી, ઈસીલિયે યહ ઉસકી ધૂલ,**
**શંભુ રમાઈ નિજ શરીર મેં, હોય અધીર મોહ મેં ભૂલ.**
**વિષ્ણુ પરિગ્રહયુત સોતે હૈં, લૂટે ઉન્હેં ઈસી સે કામ,**
**તુમ નિર્ગ્રંથ જાગતે રહતે, તુમસે ક્યા છીને યહ વામ.**

ભક્તામરમાં પણ આવે છેને એક સ્તુતિમાં. હે ભગવાન! 'मन्ये वरं हरिहरादय एव दृष्टा'. મેં બીજા અન્ય દેવને પહેલેથી જોઈ લીધા. આપના સ્વરૂપનું ભાન થતાં હવે એની અમને કાંઈ ઈચ્છા રહી નથી. પહેલું સારું થયું કે બધા જોઈ લીધા. 'हरिहरादय एव दृष्टा' કીધું છેને એમાં? પણ તમને દેખે આ વાત ક્યાંય બીજે નથી. જુઓ! આ દેવની ઓળખાણ પણ અનંત કાળમાં કરી નથી. મોટા વાંધા અત્યારે આ એના ઉઠ્યા છે અત્યારે, લ્યો. દેવના જ ઉઠ્યા. દેવશક્તિ.

અહો..! સર્વજ્ઞપદ! હે ભગવાન! સર્વજ્ઞપદ તારી ચીજ. શ્રીમદ્દે કહ્યું છેને? હે ભગવાન! હું ભૂલી ગયો. તમારા કહેલા તત્ત્વોનો મેં વિચાર કર્યો નહિ. તમારા કહેલા એક સેકન્ડના

અસંખ્ય ભાગમાં અહો..! જેની પૂર્ણ સંપદા ફાલીને ફૂલી ગઈ. પૂર્ણાનંદની સાથે સર્વજ્ઞપદ, એવા પદની જેને અંતરમાં રાગરહિત, નિમિત્તરહિત એવી પૂર્ણ પદવી (પ્રગટ થઈ). અહો..! આત્માની મૂળ ચીજ જ એ છે. આચાર્ય તો કહે છે ને પ્રવચનસારમાં? કે અરે..! જ્ઞાનની પૂર્ણતામાં પૂર્ણ ન જણાય તો એ દિવ્યજ્ઞાન શેનું? સમજાય છે કાંઈ?

હે ભગવાન! આપનું અતીન્દ્રિય જ્ઞાન પૂર્ણાનંદ જ્ઞાન એ જ્ઞાન! ત્રણ કાળ ત્રણ લોકને, સમય, સમય, સમયનો ભાવ પકડીને જાણે. ભેદ '**सर्वभावांतरच्छिदे**'. એ પહેલા જ કળશમાં કહ્યું હતું. '**सर्वभावांतर**'. પોતાનો સ્વભાવ અને બીજા બધાને પ્રભુ! એ જ્ઞાન ન જોવે, જ્ઞાન ન જાણે, અનંત પદાર્થને જ્ઞાન એક સમયમાં પહોંચી ન વળે અને જ્ઞેયો એને એક સમયમાં પોતાનું આખું સ્વરૂપ શું છે એ અર્પે નહિ, તો પ્રભુ! એ જ્ઞાન કોને કહેવું? સમજાય છે કાંઈ? આ સર્વજ્ઞપદના જ મોટા વાંધા ઉઠ્યા. વાડીભાઈ! એક સમયમાં કેવળજ્ઞાની પ્રભુ, આહાહા..! એની આજ્ઞા બહાર, ત્રણ કાળ ત્રણ લોકમાં કાંઈ થતું નથી. એને કારણે નહિ પણ જે એણે જોયા એનાથી બહાર કાંઈ થતું નથી. એવું સર્વજ્ઞપદ જેના જ્ઞાનમાં, હૃદયમાં, ભાવમાં બેઠું એને સર્વજ્ઞને જે પદ મળ્યું એ પદની પ્રાપ્તિના એ અભિલાષી તે પદને અલ્પ કાળમાં પામશે. સમજાય છે કાંઈ? પણ આ ઓળખાણ કહેવામાત્ર નહિ, એના જ્ઞાનમાં એ વાત બેસવી જોઈએ. ત્યારે એને..

પ્રવચનસારમાં પણ કહ્યું ને પહેલું? પ્રભુ! હું વંદન કરનાર કોણ? અને આપ વંદ્ય કોણ? બેયનું મને ભાન છે. પહેલામાં નહિ? શરૂઆતમાં. હું કોણ? હું કોણ? પ્રભુ! હું તો જ્ઞાનદર્શન સંપન્ન એવો આત્મા. આપ કોણ? કે આપ પૂર્ણ પર્યાયને જ્ઞાન, દર્શન ને આનંદની પ્રાપ્તિ એવા આપ પૂર્ણ. એ આપ વંદ્ય છો અને હું છું આપનો વંદક. હું ઓળખીને કહું છું પ્રભુ! એમને એમ ઓઘે ઓઘે આ ભગવાન અરિહંત છે ને આ જ્ઞાની છે ને પૂર્ણ જ્ઞાની છે, એમ નહિ. મારા ખ્યાલમાં આવી છે વાત. હું જ્યારે જ્ઞાનદર્શન સંપન્ન એવો હું. હું એટલે આત્મા એટલે જ્ઞાનદર્શન સંપન્ન. એના ભાનવાળો અને એમાં સ્થિરતાવાળો એવો હું આત્મા. આટલી દશામાં મારું જ્ઞાન દર્શન આટલું ઉઘડ્યું છે. તો પ્રભુ આપની દશા પૂર્ણ ઉઘડી છે. એવા મારાથી શક્તિએ અધિક, પર્યાયમાં શક્તિએ અધિક અને એવા જ્ઞાનના માહાત્મ્યને કારણે, એવા જ્ઞાનની પ્રાપ્તિને કારણે પ્રભુ! હું આપને વંદન કરું છું. સમજાણું કાંઈ? એવા દેવ પ્રભુ! તારા જેવા જગતમાં બીજા કોઈ દેવ જોયા નથી. કહે છે. લ્યો!

'**હે પ્રભુ! આપકે દ્વારા હી કામ અચ્છી તરહ ભસ્મ કિયા ગયા હૈ.**' શું કહે છે? કામ એટલે ઇચ્છા. એ આવી છે ને ગાથા એમાં? શ્રુત, પરિચિત, અનુભૂતા કામ-ભોગની કથા. એ કામની વાર્તા આપે નાશ કરી નાખી. વાર્તા એટલે ભાવ. સમજાણું કાંઈ? ઇચ્છાનું કર્તૃત્વ માત્ર, ઇચ્છાનું ભોક્તૃત્વ માત્ર આપે નાશ કરી નાખ્યું છે. અને આપ વીતરાગ વિજ્ઞાનઘનની દશાને પ્રાપ્ત થયા છો. એ '**અચ્છી તરહ ભસ્મ કિયા ગયા હૈ. યદિ કહેં**

**કિ મહાદેવને ભી તો ભસ્મ કિયા થા...**' અન્યમાં આવે છે ને? એને મહાદેવ કહે છેને? મહાદેવ. ભગવાન પણ મહા દિવ્ય શક્તિના ધણી મહાદેવ અને ઓલા પણ મહાદેવ. તો કહે છે કે '**યહ કહના ઠીક નહીં,...**' પ્રભુ! આપે ભસ્મ કરી એની એણે રાખ ચોપડી છે. સમજાય છે કાંઈ?

'**મહાદેવને ને ભી તો ભસ્મ કિયા થા તો વહ કહના ઠીક નહીં, ક્યોંકિ બાદ મેં વહ ઉસ કામ કે વિષય મેં કલંકિત હો ગયા થા...**' આપે ભસ્મ કર્યું. એનામાં એ કહે છે કે આ રાખ ચોપડે છે ને, એ કામને બાળી મૂક્યો હતો. આ એની રાખ ચોપડી છે. ભગવાને બાળ્યો હતો એની રાખ ચોપડી છે મહાદેવે. પ્રભુ! તું મહાદેવ! આહાહા..! પૂર્ણાનંદની પ્રાપ્તિ દ્વારા કામ વિજય થઈ ગયા. આપે કામને વિજય કર્યો છે. અનાદિ કાળનો કામ જે અહંકારમાં ચડ્યો કે મોટા મોટા માંધતાને મેં પાડ્યા છે. એને આપે વિજય કર્યો, પ્રભુ! હું ઓળખીને આપની ભક્તિ કરું છું.

કહે છે કે એ '**કામ કે વિષય મેં કલંકિત હો ગયા થા ઔર વિષ્ણુને ભી વૃન્દા-લક્ષ્મી નામક સ્ત્રી સે પ્રેરિત હોકર...**' લક્ષ્મીની સાથની વાત આવે છે ને. '**શયન કિયા થા,...**' નહિ? દરિયામાં આવે છે ને? શેષ નાગમાં સૂતા છે અને લક્ષ્મી પગ દાબે છે. આવે છે કે નહિ? કહે છે કે પ્રભુ! એ પણ પરિગ્રહવંત છે. વૃંદા નામ લક્ષ્મી અથવા વૃંદા નામ પરિગ્રહ. નીચે છે ભાઈ. 'વૃંદ—સ્ત્રી પુત્રાદિ સમસ્ત પરિગ્રહ સમૂહ સે પીડિત.' સ્ત્રી હતા, બધું હતું એને. પ્રભુ! એ પરિગ્રહવાળા હતા. એ વિષ્ણુ ભલે નામ ધરાવે પણ વ્યાપક સર્વજ્ઞપદ એની પાસે નહોતું. પ્રભુ! ઓલો મહાદેવ? કે એ મહાદેવ નહિ. મહાદેવ તમે. એણે કામ જીત્યો? કહે ના ના એ પણ પત્નીવશ થઈ ગયેલા. આપ તો કામદેવને જીતી અને કામદેવ પછી ન ફાવ્યો એટલે ફૂલડા આપ ઉપર વરસાવ્યા. સમજાય છે કાંઈ? ફૂલ વરસાવ્યા એણે કે હે નાથ! પૂર્ણાનંદની પ્રાપ્તિ જગતમાં કામને ન જીત્યો એ આપે પૂર્ણ જીત્યો છે. અને પૂર્ણાનંદની પ્રાપ્તિમાં આપ મોજ માણો છો.

એમ વૃંદા. વિષ્ણુને પણ બાહ્ય પરિગ્રહનો વૃંદ નામ સમૂહ છે. પ્રભુ! આપ તો પરિગ્રહરહિત છો. એક વિકલ્પનો પરિગ્રહ નથી. એવી આપની નિર્ગ્રંથ દશા (છે). એમાં નિર્ગ્રંથપણું બતાવવું છે. નિર્ગ્રંથ દશા. આહાહા..! નિર્ગ્રંથ તો છઠ્ઠે ગુણસ્થાનથી થાય પણ હજી વિકલ્પનો અંશ જરી બાકી છે. પણ આપ તો પ્રભુ પૂર્ણ નિર્ગ્રંથ છો, (એની) અમને ખાતરી થઈ ગઈ છે. આપને એક વિકલ્પમાત્ર દુનિયાનું સારું કરું કે ભૂંડુ થાય, ન થાય એવી ઈચ્છા જ આપને નથી. સર્વજ્ઞપદ આપનું આ પડ્યું છે. સમજાય છે?

એક સ્તુતિમાં આવે છે ને? આપણે નહિ? એમ આવે છે ક્યાંક. આપે માર્ગ કહ્યો પણ શાસ્ત્રનું ફળ કેમ આવશે એ આપે જોયું નથી. 'સ્વયંભૂ સ્તોત્ર'માં આવે છે. શું કહેવાય એ? 'સમંતભદ્ર' 'સમંતભદ્રાચાર્ય'. હે નાથ! આપની વાણી નીકળી એમ કહીને કહે છે કે આપને

ઈચ્છા નહોતી. એમ મૂળ તો કહેવું છે. ઈચ્છા વિના વાણી નીકળી. મોક્ષમાર્ગ ધોધ પડ્યો. લોકો સમજ્યા. પણ એમાં કોણ સમજ્યા અને કેટલા પ્રાપ્ત થયા એ આપે જોયું નથી. એટલે એ ઈચ્છા કરી નથી. જ્ઞાનમાં આવી ગયું છે કે આટલા આમાં સમજશે અને આટલા નહિ સમજે. પણ આપે ઈચ્છા નથી કરી. આટલો ઉપદેશ...

એક દિવસમાં ચોવીસ ઘડી. છ ઘડી સવારે, છ ઘડી બપોરે, છ ઘડી સાંજે અને છ ઘડી રાતે. ચોવીસ ઘડીનો ઉપદેશ આપનો દિન અને રાત (આવ્યો). રાતે પણ એક વખત કહેવામાં આવે છે. છતાં એનું ફળ કેમ આવ્યું? આપ તો જ્ઞાતાદ્રષ્ટા છો. વીતરાગ છો. ફળ આવીને સંતોષ નથી. ન સમજે એના પ્રત્યે આપને દ્વેષ નથી. માટે આપ જ ખરા દેવ અને સર્વજ્ઞ છો. એવા સર્વજ્ઞનો હું ભક્ત અને દાસ છું. બીજા દેવનો હું દાસ છું નહિ.

'**भवान्**' '**આપ જાગૃત રહે હો...**' આપ જાગૃત રહ્યા. '**કામનિદ્રા મેં અચેત નહીં હુએ...**' કામનિંદ્રાથી અચેત. અચેત એટલે ભાન વિનાના થયા એમ થયું નહિ. '**કામદેવ કે દ્વારા આપકી કૌનસી વસ્તુ ગ્રહણ કી જાતી હૈ અર્થાત્ કોઈ ભી નહીં.**' કામ જ—ઈચ્છા જ ન મળે આપને.

'**ભાવાર્થ :- હે ભગવન્! જગદ્વિજયી કામ કો આપને...**' જુઓ! જગતવિજય કામ. આખી દુનિયાને જેણે વિજય કર્યો છે. શાસ્ત્રમાં આવે છે ને ભાઈ! આપણે નહિ? સમયસારમાં. આસ્રવને અહંકાર થયો છે. કળશમાં. અમૃતચંદ્રાચાર્ય. આસ્રવ પુણ્ય અને પાપના વિકલ્પને, આસ્રવને અહંકાર (થયો છે) કે મારાથી કોઈ જીત્યા નથી. મેં બધાને હરાવી દીધા છે. મોટા મોટા માંધાતા. નવમી ગ્રૈવેયકે ગયો તોપણ આસ્રવમાં લાભ છે એમ માન્યતા કરીને, મેં એને હરાવી દીધા છે. સમજાય છે? એને સંવરે ઉડાડ્યો પાછો. અનાદિ કાળનો મોટો જોદ્ધો, નવમી ગ્રૈવેયકે ગયો એવો દિગંબર સાધુ, પણ અંતે અંતરમાં આસ્રવમાં રોકાઈ ગયો. ઈચ્છાના વિકલ્પની વૃત્તિ મને હિતકર છે, એ લાભદાયક છે એમાં રોકાણો. પ્રભુ! પણ સંવરે એને જીતી લીધો. સમજાણું કાંઈ? એ સંવર પ્રભુ આપે બતાવેલો છે. સંવર અને નિર્જરા એવો જે મોક્ષનો માર્ગ આપે બતાવ્યો તો આપ તદ્દન નિર્ગ્રંથ છો અને બીજાને નિર્ગ્રંથ કરાવવાનો આપનો ઉપદેશ છે.

'**લોગ જો કહા કરતે હૈં કિ મહાદેવને ભસ્મ કિયા થા, વહ ઠીક નહીં હૈ ક્યોંકિ બાદ મેં મહાદેવને પાર્વતી કી તપસ્યા સે પ્રસન્ન હો ઉસકે સાથ વિવાહ કર લિયા થા ઔર કામ મેં ઈતને આસક્ત હુએ કિ અપના આધા શરીર સ્ત્રીરૂપ કર લિયા થા. ઈસી તરહ વિષ્ણુ ને ભી વૃંદા-લક્ષ્મી કે વશીભૂત હોકર તરહ-તરહ કી કામ ચેષ્ટાયેં કી થીં, પર આપ હંમેશા સે આત્મવ્રત મેં લીન રહે...**' આત્મામાં લપેટ થઈને વીતરાગપણામાં લીન રહ્યા. એ મેં બરાબર જાણ્યું છે કે આપ સર્વજ્ઞ અને વીતરાગ છો. સમજાય છે?

'તથા કામ કો ઈસ તરહ પછાડા કિ વહ પનપ નહીં સકા.' 'પનપ નહીં સકા.' શું છે? ઉઠી ન શક્યો. માર્યો પછાડ કે ઉઠી ન શક્યો. શ્રીકૃષ્ણએ કર્યું હતું ને જેમ ઓલા કોને? જરાસંઘની સામે ઓલો એનો જમાઈ. કંસ-કંસ. કંસને આમ ચોટલી ઝાલીને પછાડ્યો. માર પછાડ આમ કરીને ફડાક દઈને. એમ હે ભગવાન! પછાડ્યો છે એને. આવે છે ને. પહેલા તો એનું રૂપ તો સાધારણ હતું ને હજી તો. ભરવાડને ત્યાં ઉછર્યા હતા ને. લંગોટી-બંગોટી બરાબર લૂગડાં પહેર્યા હતા. બધા એના કુટુંબીઓ ભેગા થયેલા. શું થશે? જોર કરીને ઓલાને પકડીને... કૃષ્ણ છે ને. કર્મ કૃષે સો કૃષ્ણ કહીએ. વિકારના ભાવને કૃષીને નાશ કરે તેને કૃષ્ણ કહેવામાં આવે છે. હે ભગવાન! આપ જ કૃષ્ણ છો. વાસ્તવિક કેવળજ્ઞાન પામીને વિષ્ણુ એટલે સર્વવ્યાપક આપ પ્રગટ થયા છો. એ વિષ્ણુ સર્વવ્યાપક કહે છે પણ પરિગ્રહમાં પકડાઈ ગયા છે એમ કહે છે. પરિગ્રહમાં પકડાઈને જ્ઞાનની પૂર્ણ દશા એણે પ્રગટ કરી નથી. એ દસમી ગાથા (થઈ).

## કાવ્ય-૧૧

स नीरजाः स्यादपरोऽघवान्वा,
तद्दोषकीर्त्यैव न ते गुणित्वम्।
स्वतोम्बुराशेर्महिमा न देव!
स्तोकापवादेन जलाशयस्य।।

ઔર દેવ હોં ચાહે જૈસે, પાપસહિત અથવા નિષ્પાપ,
ઉનકે દોષ દિખાને સે હી, ગુણી કહે નહિં જાતે આપ.
જૈસે સ્વયં સરિતપતિ કી અતિ, મહિમા બડી દિખાતી હૈ,
જલાશયોં કે લઘુ કહને સે, વહ ન કહી બઢ જાતી હૈ.

**અન્વયાર્થ :—** (वा) અથવા (देव) હે દેવ! (स) વહ બ્રહ્માદિ દેવોં કા સમૂહ (नीरजाः) પાપરહિત (स्यात्) હો ઔર (अपरः) દૂસરા દેવ (अघवान् स्यात्) પાપસહિત હો, ઈસ તરહ (तदोषकीर्त्या एव) ઉનકે દોષોં કે વર્ણન કરનેમાત્ર સે હી (ते) આપ કા (गुणित्वम् न) ગુણીપના નહીં હૈ. (अम्बुराशेः) સમુદ્ર કી (महिमा) મહિમા (स्वतः 'स्यात्') સ્વભાવ સે હી હોતી હૈં; (जलाशयस्य स्तोकापवादेन न) 'યહ છોટા હૈ'—ઈસ તરહ તાલાબ આદિ કી નિંદા કરને સે નહીં હોતી.

**ભાવાર્થ :—** હે ભગવન્! દૂસરે કે દોષ બતલાકર હમ આપ કા ગુણીપના સિદ્ધ નહીં કરના ચાહતે ક્યોંકિ આપ સ્વભાવ સે હી ગુણી હૈં. સરોવર કો છોટા કહ દેનેમાત્ર સે સમુદ્ર કી વિશાલતા સિદ્ધ નહીં હોતી કિન્તુ વિશાલતા ઉસકા સ્વભાવ હૈ; ઈસલિયે વહ વિશાલ—બડા કહલાતા હૈ. ૧૧.

## કાવ્ય-૧૧ ઉપર પ્રવચન

અગિયારમી.

स नीरजाः स्यादपरोऽघवान्वा,
तद्दोषकीर्त्यैव न ते गुणित्वम्।
स्वतोम्बुराशेर्महिमा न देव!
स्तोकापवादेन जलाशयस्य।।

એક તો સામે ભગવાન ઊભા છે અને કાંડુ ઝાલીને સ્તુતિ કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ કહે છે ને? શું કહેવાય? સમંતભદ્રાચાર્ય ગીરી ગુફામાંથી જાણે આમ નીકળ્યા હોય ભગવાનને (કહે છે), ઊભા રહો, પ્રભુ! હું તમને ઓળખીને સ્તુતિ કરનાર છું. બીજાના જેવા આંધળા અને અજાણ્યા હું સ્તુતિ કરનારો નથી. ઊભા રહો. આમ કાંડુ ઝાલીને ઊભા રાખ્યા છે. ભક્તિનો ઉછાળો છેને. ઉલ્લાસ ઉલ્લાસ. એમ અહીંયાં જાણે હે પ્રભુ!

**ઔર દેવ હોં ચાહે જૈસે, પાપસહિત અથવા નિષ્પાપ,**
**ઉનકે દોષ દિખાને સે હી, ગુણી કહે નહિં જાતે આપ.**
**જૈસે સ્વયં સરિતપતિ કી અતિ, મહિમા બડી દિખાતી હૈ,**
**જલાશયોં કે લઘુ કહને સે, વહ ન કહીં બઢ જાતી હૈ.**

ભો દેવ! હે પ્રભુ! '**વહ બ્રહ્માદિ દેવોં કા સમૂહ પાપરહિત હો...**' પાપરહિત હો '**ઔર દૂસરા દેવ પાપસહિત હો,...**' કોઈ પાપરહિત હો અને કોઈ પાપસહિત હો. '**ઈસ તરહ ઉનકે દોષોં કે વર્ણન કરનેમાત્ર સે હી આપકા ગુણીપના નહીં હૈ.**' બીજાની અપેક્ષા રાખીને આપની ગુણસહિતતા નથી. સમજાણું કાંઈ? પહેલા શ્લોકમાં એમ લીધું. પ્રભુ! હે ચેતનપ્રભુ! કામની વાત. આ તારી જેણે અંતરદૃષ્ટિ કરી એને ઈચ્છા જ ઉત્પન્ન થતી નથી. જેણે ચિદાનંદ ભગવાન આત્મા ઉપર દૃષ્ટિ મૂકી (એને) ઈચ્છા જ ન મળે, ઈચ્છા જ ન મળે. એવા ઈચ્છાનો નાશ કરના હે ભગવાન! ચિદાનંદ સામાન્ય ચૈતન્યપ્રભુ એ તારામાં તાકાત (રહેલી છે). એવી તાકાત બીજામાં પર્યાયમાં પણ છે નહિ. ઈચ્છાનો નાશ કરી. પૂર્ણાનંદની દૃષ્ટિ ચૈતન્યપ્રભુની કરી એવી તાકાત કે ચૌર્યાશી લાખના ભવના કારણને બાળીને ભસ્મ કરવાની તાકાત પ્રભુ ચૈતન્ય મહાપ્રભુમાં છે. ચૈતન્ય મહાપ્રભુ એટલે ધ્રુવ! ધાતુ ધ્રુવ. જ્ઞાયકભાવમાં એ તાકાત છે માટે એણે કામને જીત્યો અને કામને જીતવાની તાકાત દ્રવ્ય સ્વભાવમાં છે.

અજ્ઞાની જેની પર્યાય દૃષ્ટિ છે, જેની રાગ દૃષ્ટિ છે, જેની વિકલ્પ ઉપર દૃષ્ટિ છે એ બધા અમે કાંઈક દેવપણું કરીને આગળ વધવા માગીએ એમ કહે છે પણ પ્રભુ! એ દિવ્ય

શક્તિને પામવાના નથી. ચોર્યાશી લાખમાં રખડવાના છે.

અહીં એ કહ્યું, પ્રભુ! આ બીજાના દોષ-ગુણ જોઈને આપની સ્તુતિ કરવી, આપને એની સાથે તોલામાં મૂકવા કે આના દોષો છે અને આ દોષરહિત કંઈક કેટલાક છે એમ કરીને આપના વખાણ કરવા એ '**આપકા ગુણીપના સિદ્ધ નહીં...**' (કરતા). એ આપના ગુણનું માન નથી. એ તો સહજ સ્વભાવે આપના ગુણ માહાત્મ્ય ગાઈ રહ્યા છે. હે દેવ! '**સમુદ્ર કી મહિમા સ્વભાવ સે હી હોતી હૈ;...**' દરિયાનો મહિમા, એ તળાવથી મોટો છે, એ કૂવાથી મોટો છે, એ સરોવરથી મોટો દરિયો છે એ દરિયાથી કોઈ કૂવો ને તળાવ કે મોટું હોઈ શકે નહિ. એ બધા નાના છે. એથી સમુદ્રની મહિમા નથી. સમજાણું કાંઈ? સમુદ્રની મહિમા સમુદ્રના સહજ સ્વભાવથી છે. એમ હે નાથ! બીજા દેવના દોષ-ગુણને તોળીને આપના ગુણનું બહુમાન કરવું એ રીતે વસ્તુના સ્વભાવમાં નથી. અચિંત્ય ગુણનો નિધાન આપે પ્રગટ કર્યો એ સહજ સ્વભાવની જ મહિમા તારામાં છે. બીજા સાથે મેળવીને મહિમા કરવી એવી વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ?

'**યહ છોટા હૈ — ઈસ તરહ તાલાબ આદિ કી નિંદા કરને સે નહીં હોતી.**' દરિયાની મહિમા. તળાવ નાનું, કૂવો નાનો, આ ખાબોચિયું નાનું, દરિયો મોટો એમ મહિમા નથી. એ તો સમુદ્ર સહજ સ્વભાવે ઉછળીને ભરી રહ્યો અને ભરતી જેની આવે છે પર્યાયમાં એટલે કાંઠે. એમ ભગવાન તારી મહિમા સર્વજ્ઞસ્વભાવથી ભરેલો તું, પર્યાયમાં ભરતી ચાલી જ આવે છે. સહજ સ્વભાવે તારી મહિમા (છે). બીજાની સાથે મેળ કરીએ અને મહિમા ગાઈએ એવો તારી સાથે મેળ ખાય એવો નથી. સમજાણું કાંઈ? જુઓ! આ દેવની ભક્તિના ભક્તો! ભક્તરાજ. ભક્તમાં રાજ નામ શોભાવંત. સમ્યગ્દૃષ્ટિ ભગવાનના ખરા ભક્ત છે. બીજા કોઈ ખરા ભક્ત છે નહિ. કોઈ હોઈ શકે નહિ ખરેખર. અગિયાર થઈ ને?

'**ભાવાર્થ :- હે ભગવન્! દૂસરે કે દોષ બતલાકર હમ આપકા ગુણીપના સિદ્ધ નહીં કરના ચાહતે...**' ક્યાં ગુણની બેહદતા! આહાહા..! એક એક પર્યાય પરિપૂર્ણ. અનંત અનંત જેની મહિમા. પ્રભુ! એની મહિમા તો સહજ સ્વભાવથી છે. એ તો ગુણનું પરિણમન સહજ સ્વભાવ થયું એમાં એનું છે. પરને કારણે એની અપેક્ષા આપી શકાય નહિ. આ નિરપેક્ષ બતાવે છે આ. લ્યો! દેવીલાલજી કહે છે, સાપેક્ષ ચાલે છે બધે, સાપેક્ષ ચાલે છે. અને અહીં તમે નિરપેક્ષ નિરપેક્ષ કહો છો. અહીં તો કહે છે, બીજાના દોષથી કે દોષના ટાળવાથી એની ઉપમા (મહિમા નથી). એ તો સહજ નિરપેક્ષ ભગવાન! સર્વજ્ઞ પરમાત્મા નિરપેક્ષથી શોભી રહ્યા છે. બીજાની અપેક્ષા રાખીને એનું બહુમાન થાય એવું છે નહિ. સહજ નિર્મળાનંદ પ્રભુ નિરપેક્ષ છે. વિકાર પણ જ્યાં પરની અપેક્ષા વિના નિશ્ચયથી થાય છે, એને પણ જ્યાં પરની અપેક્ષા નથી. તો નિર્મળાનંદ પ્રભુ પરમાત્મદશા નિર્મળ નિર્મળ. એ પર્યાયનું કારણ ને કાર્ય પર્યાયમાં. એ પર્યાયનું કાર્ય અને કારણ પર્યાયમાં. એવી એની મહિમા એ બીજા

સાથે મેળવી શકાય એવી નથી. કહો, સમજાણું કાંઈ?

'**दूसरे के दोष बतलाकर हम आपका गुणीपना सिद्ध नहीं करना चाहते क्योंकि आप स्वभाव से ही गुणी हैं.**' સ્વભાવ સહજ શક્તિમાંથી પરિણતિ પ્રગટ કરી છે. એટલે પરને આશ્રયે નથી કે જે પરિણતિ હવે ચાલી જાય. '**सरोवर को छोटा कह देनेमात्र से समुद्र की विशालता सिद्ध नहीं होती किन्तु विशालता उसका स्वभाव है; इसलिये वह विशाल-बडा कहलाता है.**' એમ ભગવાન આત્મા એવા કંઈ શુભભાવ કર્યા અને મોટું સ્વર્ગ મળ્યું અને આમ મળ્યું એથી એની મહિમા નથી. આ ઈન્દ્રપદ મળ્યું અને આનાથી આ પદ મળ્યું અને આનાથી આ (મળ્યું), હજારો-લાખો મનુષ્ય ખમ્મા-ખમ્મા કરે એને લઈને મહિમા પ્રભુ તારી નથી. તારી મહિમા તો નિર્મળ શુદ્ધ ચૈતન્ય! એક અંશ જ્યાં પ્રગટ કરે, ત્યાં ઈન્દ્રના સુખ તુચ્છ જેવા લાગે. એવી મહિમા પ્રભુ ચૈતન્ય! તારા અંશની પરિણતિમાં છે. એને બીજા સાથે મેળવી શકાય એવું નથી. સમજાણું? એ અગિયાર કીધી.

---

## કાવ્ય-૧૨

कर्मस्थितिं जन्तुरनेकभूमिं,
नयत्यमुं सा च परस्परस्य।
त्वं नेतृभावं हि तयोर्भवाब्धौ,
जिनेन्द्र नौनाविकयोरिवाख्यः।।

**कर्मस्थिति को जीव निरंतर, विविध थलो में पहुंचाता,**
**और कर्म इन जग जीवों को, सब गतियों में ले जाता.**
**यों नोका-नाविक के जैसे, इस गहरे भवसागर में,**
**जीव-कर्म के नेता हो प्रभु, पार करो कर कृपा हमें.**

**અન્વયાર્થ :—** (जिनेन्द्र) हे जिनेन्द्रदेव! (जन्तुः) जीव (कर्मस्थितिम्) कर्मों की स्थिति को (अनेकभूमिम्) अनेक जगह (नयति) ले जाता है (च) और (सा) वह कर्मों की स्थिति (अमुम्) उस जीव को (अनेक-भूमिम्) अनेक जगह ले जाती है, लेकिन (त्वम्) आपने (भवाब्धौ) संसाररूप समुद्र में (नौनाविकयोः इव) नाव और खेवटिया की तरह (तयोः) उन दोनों में (हि) निश्चय से (परस्परस्य) एक दूसरे का (नेतृभावम्) नेतृत्व (आख्यः) कहा है.

**ભાવાર્થ :—** सिद्धांत ग्रंथों में कहा गया है कि जीव अपने भले-बुरे भावों से जिन कर्मों को बांधता है, वे कर्म तब तक उसका साथ नहीं छोडते, जब

તક વે ફલ દેકર ખિર નહીં જાતે. ઈસ બીચ મેં જીવ જન્મ-મરણકર અનેક સ્થાનોં મેં પૈદા હો જાતા હૈ. ઈસી અપેક્ષા સે કહા ગયા હૈ કિ જીવ, કર્મોં કો અનેક જગહ લે જાતા હૈ ઔર જીવ કા જન્મ-મરણકર જહાં-તહાં પૈદા હોના, આયુ આદિ કર્મોં કી સહાયતા કે બિના નહીં હોતા. ઈસલિયે કહા ગયા હૈ કિ કર્મ ભી જીવ કો ચારોં ગતિયોં મેં જહાં-તહાં લે જાતે હૈં. હે ભગવન્! આપને ઈન દોનોં મેં પરસ્પર કા નેતૃત્વ ઉસ તરહ કહા હૈ, જિસ તરહ કી સમુદ્ર મેં પડે હુએ જહાજ ઔર ખેવટિયા મેં હુઆ કરતા હૈ. ૧૨.

---

## કાવ્ય-૧૨ ઉપર પ્રવચન

બારમી.

कर्मस्थितिं जन्तुरनेकभूमिं,
नयत्यमुं सा च परस्परस्य।
त्वं नेतृभावं हि तर्योभवाब्धौ,
जिनेन्द्र नौनाविकयोरिवाख्यः।।

કર્મસ્થિતિ કો જીવ નિરંતર, વિવિધ થલો મેં પહુંચાતા,
ઔર કર્મ ઈન જગ જીવોં કો, સબ ગતિયોં મેં લે જાતા.
યોં નોકા-નાવિક કે જૈસે, ઈસ ગહરે ભવસાગર મેં,
જીવ-કર્મ કે નેતા હો પ્રભુ, પાર કરો કર કૃપા હમેં.

જુઓ! આમાં હિન્દી આવે છે થોડું થોડું ભાઈ આ સ્તુતિમાં. ઈ આ કેટલાક ન સમજે. **'હે જિનેન્દ્ર!'** પાઠમાં જિનેન્દ્ર (શબ્દ) પડ્યો છે ને. ત્યાંથી ઉપાડ્યું છે. પણ શરૂઆત અન્વયાર્થમાં એમ કરી છે કે **'જીવ કર્મોંકી સ્થિતિ કો અનેક જગહ લે જાતા હૈ...'** નિમિત્ત નૈમિત્તિક સંબંધ બતાવે છે. એ નિમિત્ત નિમિત્ત સંબંધ પ્રભુ આપના સ્વભાવમાં નથી. ચૈતન્ય મહાપ્રભુ એમાં નિમિત્ત નિમિત્ત સંબંધ કેવો? સમ્યગ્દષ્ટિને દૃષ્ટિમાંથી નિમિત્ત નિમિત્ત સંબંધ ઊડી જાય છે. સમજાય છે? ચૈતન્ય ભગવાનની જ્યાં શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ થઈ એને આ વિકારનું નિમિત્ત આ અને નિમિત્તમાં નૈમિત્તિક આ, એ દૃષ્ટિ ચૈતન્યપ્રભુની દૃષ્ટિ થતાં ઊડી જાય છે. પણ અનાદિકાળની આ પર્યાયદૃષ્ટિમાં **'કર્મોંકી સ્થિતિ કો અનેક જગહ લે જાતા હૈ...'** કોણ? જીવ. કર્મની મુદત જે બાંધી છેને? એને કારણે કર્મને પણ સાથે નિમિત્ત તરીકે લઈ જાય છે. **'અનેક જગહ લે જાતા હૈ ઔર વહ કર્મોં કી સ્થિતિ ઉસ જીવ કો અનેક જગહ લે જાતી હૈં,...'** એ નિમિત્ત નિમિત્ત સંબંધ એનો છે આ

જાતનો. '**ઉસ જીવ કો અનેક જગહ લે જાતી હૈં,...**'

'**ઈસ તરહ હે જિનેન્દ્રદેવ! આપને સંસારરૂપ સમુદ્ર મેં નાવ ઔર ખેવટિયા કી તરહ ઉન દોનોં મેં...**' નાવ અને ખેવટિયો. એ નાવ લઈ જાય ખેવટિયાને અને ખેવટિયો લઈ જાય નાવ ને. શું કીધું? ખેવટિયો શું? એમાં બેસનારો. બેસનારો લઈ જાય નાવ ને. હાંકે છે ને આમ ખલાસી મોટા. એ ખલાસીને લઈ જાય નાવ અને નાવને લઈ જાય ખલાસી. એમ ભગવાન કર્મની સ્થિતિને નિમિત્તરૂપે જીવ થાય અને જીવના વિકારમાં નિમિત્તરૂપ કર્મ થાય. એવો ખલાસી અને બે અરસપરસ જેમ જાય એમ બેના સમૂહમાં આ જાતનો પ્રવાહ વહે છે.

'**નાવ ઔર ખેવટિયા કી તરહ ઉન દોનોં મેં નિશ્ચય સે એક દૂસરે કા નેતૃત્વ કહા હૈ.**' એકબીજાનું સ્વામીપણું વ્યવહારથી કહેવામાં આવે છે. હે ચૈતન્ય ભગવાન! આપ બેયના સ્વામી નથી. આપ તો બેયના જ્ઞાતા-દ્રષ્ટા છો. આ સમ્યગ્દર્શન અને જ્ઞાન થતાં પણ એ બેયના જ્ઞાતા-દ્રષ્ટા (છે), કોઈ કોઈને લઈ જાય એવું કાંઈ છે નહિ. દાખલો એક આપ્યો છે ને? ઓલામાં આપ્યો છે નહિ? આ ઘંટી ચાલે ને ઘંટી? માખી તો બેઠી છે ત્યાં ને ત્યાં. ઘંટી ઉપર બેઠી હોય ને માખી? પડ ચાલે તો માખી તો ત્યાં ને ત્યાં બેઠી છે. એમ જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યપ્રભુ આત્મા ગમે તેટલા વિકલ્પની ગતિ એને થાય, ભગવાન ચૈતન્ય જ્યોત તો એવો ને એવો બેઠો છે. સમજાણું કાંઈ? એ આપ્યું છે ઓલામાં શેમાં? ધર્મદાસ (ક્ષુલ્લક). સમ્યગ્જ્ઞાન દીપિકા, સમ્યગ્જ્ઞાન દીપિકામાં આપ્યું છે. પ્રભુ! માખી તો ત્યાં ને ત્યાં બેઠી છે હોં! ઓલું પડ ચાલે એટલે ચાલે એમ દેખાય છે. એટલો નિશ્ચય બતાવવું છે ને? એમ ચૈતન્ય જ્ઞાયકજ્યોત પ્રભુ જે સ્વભાવે છે તે સ્વભાવે છે. એ પર્યાયમાં રાગ ને નિમિત્તને લઈને ગતિપણું દેખાય છે. વસ્તુના સ્વરૂપમાં એ ગતિ અને રાગ-દ્વેષ આદિ છે નહિ. એ તો પ્રભુ માખીની જેમ જ્યાં બેઠો ત્યાં જ બેઠો છે.

'**ભાવાર્થ :- સિદ્ધાંત ગ્રંથોમેં કહા ગયા હૈ કિ જીવ અપને ભલે-બુરે ભાવોં સે જિન કર્મોં કો બાંધતા હૈ,...**' નિમિત્તરૂપે. '**વે કર્મ તબ તક ઉસકા સાથ નહીં છોડતે, જબ તક વે ફલ દેકર ખિર નહીં જાતે.**' નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે ને? '**ઈસ બીચ મેં જીવ જન્મ-મરણકર અનેક સ્થાનોં મેં પૈદા હો જાતા હૈ.**' આ લાકડું. જો આમાં ન સમજે ને તો આમાં લાકડું ગરી જાય એવું છે. આવે છે ને આ સમયસારમાં એ? જયસેનાચાર્યે ન કહ્યું? કર્મ બલવાન, કર્મનું જોર. છે ઘણે ઠેકાણે બે-ચાર-પાંચમાં. કર્મનું જોર. જુઓ આમાં લખ્યું. એનો એકાંત કરે છે એમ કહે છે ભાઈ! લખે છે આમ અને એનો અર્થ એકાંત કરે છે. અરે..! સાંભળને હવે. કર્મનું જોર તો ભાવકર્મનું પર્યાયમાં જોર છે એટલે નિમિત્તમાં છે એવો ઈશ્વરનયે પોતે આરોપ કરીને કહે છે. જોર કેવા આત્મામાં? સમજાય છે કાંઈ? પોતાની વિકારની વૃત્તિનું જોર છે. સ્વભાવમાં છે નહિ. એથી નિમિત્તમાં

આરોપ કરીને, પરાધીન થઈને ઈશ્વરનયે તું તારે લઈને જોર છે એમ જ્ઞાની જ્ઞાનમાં જાણવા માટે વર્ણવે છે. સમજાણું કાંઈ? મારા ચૈતન્યમાં વિકારનું જોર હોય? ત્રણ કાળમાં હોય? ત્યાં તો વિકારનો અભાવ કરવાનું અંદર જોર પડ્યું. ફુવારો ફાટ્યો શીતળતાનો. ત્યાં તો શીતળતા પડી (છે) ચૈતન્યની. શાંતરસથી પડ્યો ભગવાન.

**કહૈ વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં.**
**અપને રસસૌં ભર્યો આપની ટેક હૌં.**
**મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ.**
**સુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ. (સમયસાર નાટક-૫૦)**

અમારે અહીં વિકાર કેવો અને નિમિત્ત કેવું? અહીં બેય ત્રણ કાળમાં અમારા પદાર્થમાં છે જ નહિ. એમ જિનેન્દ્રદેવને પ્રગટેલી દશા ઓળખીને પોતાની દૃષ્ટિથી પોતાના ચૈતન્યના ગુણગ્રામ કરે છે.

‘**જીવ જન્મ-મરણકર અનેક સ્થાનોં મેં પૈદા હો જાતા હૈ. ઈસી અપેક્ષા સે કહા ગયા હૈ કિ જીવ, કર્મોં કો અનેક જગહ લે જાતા હૈ ઔર જીવ કા જન્મ-મરણકર જહાં-તહાં પૈદા હોના, આયુ આદિ કર્મોં કી સહાયતા કે બિના નહીં હોતા.**’ એટલે નિમિત્ત છે. એમ. ‘**ઈસલિયે કહા ગયા હૈ કિ કર્મ ભી જીવ કો ચારોં ગતિયોં મેં જહાં-તહાં લે જાતે હૈં.**’ આત્મદ્રવ્યસ્વભાવ નહિ. આત્મસ્વભાવમાં કાંઈ ગડબડી થતી નથી. જ્ઞાતા-દૃષ્ટા ભગવાન ચૈતન્યબિંબ! એમાં ક્યાંય ગડબડ-ફડબડ છે નહિ. જાવું કે આવવું, બાંધવું કે છોડવું એ વસ્તુના સ્વરૂપમાં નથી.

‘**હે ભગવન્ આપને ઈન દોનોં મેં પરસ્પર કા નેતૃત્વ ઉસ તરહ કહા હૈ, જિસ તરહ કિ સમુદ્ર મેં પડે હુએ જહાજ ઔર ખેવટિયા મેં હુઆ કરતા હૈ.**’ એકબીજાનો નિમિત્ત નિમિત્ત સંબંધ છે. પોતપોતાની ગતિથી પોતે કામ કરી રહ્યા છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ એવો વ્યવહાર, હે નાથ! એ વ્યવહાર આપને નથી. આપ તો એ ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞાતા-દૃષ્ટાથી જાણી રહ્યા છો. મારામાં એ ખરેખર પ્રભુ નિમિત્ત નિમિત્તનો સંબંધ મારી ચૈતન્ય દૃષ્ટિમાં નથી. મારો ચૈતન્ય સ્વભાવ જ્ઞાયક ભગવાન (એને) પરની સાથે સંબંધ કેવો? વિકાર સાથે સંબંધ કેવો આત્માને? અને નિમિત્ત સાથે સંબંધ તો છે જ નહિ. વિકાર પરદ્રવ્ય અને નિમિત્ત તો તદ્દન પૃથક્ દ્રવ્ય. એનાથી અભાવસ્વભાવવાળો મારો આત્મા, આ એની સ્તુતિ અને ભક્તિ હું કરું છું. ૧૨.

## કાવ્ય-૧૩

सुखाय दुःखानि गुणाय दोषान्,
धर्माय पापानि समाचरन्ति।
तैलाय बालाः सिकतासमूहं,
निपीडयन्ति स्फुटमत्वदीयाः।।

ગુણ કે લિયે લોગ કરતે હૈં, અસ્થિ-ધારણાદિક બહુ દોષ,
ધર્મ હેતુ પાપોં મેં પડતે, પશુ-વધાદિ કો કહ નિર્દોષ;
સુખહિત નિજ-તન કો દેતે હૈં, ગિરિ-પાતાદિ દુઃખ મેં ઠેલ,
યોં જો તવ મતબાહ્ય મૂઢ વે, બાલૂ પેલ નિકાલેં તેલ.

અન્વયાર્થ :— હે પ્રભુ! જિસ પ્રકાર (बालाः) બાલક, (तैलाय) તેલ કે લિયે (सिकतासमूहम्) બાલૂ કે સમૂહ કો (निपीडयन्ति) પેલતે હૈં, (स्फुटम्) ઠીક ઉસી પ્રકાર (अत्वदीयाः) આપકે પ્રતિકૂલ ચલનેવાલે પુરુષ (सुखाय) સુખ કે લિયે (दुःखानि) દુઃખોં કો, (गुणाय) ગુણ કે લિયે (दोषान्) દોષોં કો ઔર (धर्माय) ધર્મ કે લિયે (पापानि) પાપોં કો (समाचरन्तिः) સમાચરિત કરતે હૈં.

ભાવાર્થ :— હે ભગવન્! જો આપ કે શાસન મેં નહીં ચલતે, ઉન્હેં ધાર્મિક તત્ત્વોં કા સચ્ચા જ્ઞાન નહીં હો પાતા; ઇસલિયે વે અજ્ઞાનિયોં કી તરહ ઉલટે આચરણ કરતે હૈં.

વે કિસી સ્ત્રી, રાજ્ય યા સ્વર્ગ આદિ કો પ્રાપ્તકર સુખી હોને કી ઇચ્છા સે તરહ-તરહ કે કાયક્લેશકર દુઃખ ઉઠાતે હૈં, પર સકામ-તપસ્યા કા કોઈ ફલ નહીં હોતા; ઇસલિયે વે અંત મેં ભી દુઃખી હી રહતે હૈં. 'હમ મેં શીલ, શાંતિ આદિ ગુણોં કા વિકાસ હો'—ઐસી ઇચ્છા રખતે હુએ ભી રતિ, લંપટી, ક્રોધી આદિ દેવોં કી ઉપાસના કરતે હૈં, પર ઉન દેવોં કી શીલઘાતક ઔર ક્રોધયુક્ત ક્રિયાઓં કા ઉન પર બુરા અસર પડતા હૈ, જિસસે ઉનમેં ગુણોં કા વિકાસ ન હોકર દોષોં કા હી વિકાસ હો જાતા હૈ.

ઇસી પ્રકાર યજ્ઞાદિ ધર્મ કરને કી ઇચ્છા સે પશુ-હિંસા આદિ પાપ કરતે હૈં, જિસસે ઉલટા પાપબંધન હી હોતા હૈ. હે પ્રભો! યહ બિલકુલ સ્પષ્ટ હૈ કિ ઉનકી ક્રિયાએં ઉન બાલકોં જૈસી હૈ, જો તેલ પાને કી ઇચ્છા સે બાલૂ કે પુંજ કો કોલ્હૂ મેં પેલતે હૈં. ૧૩.

## કાવ્ય-૧૩ ઉપર પ્રવચન

૧૩.

सुखाय दुःखानि गुणाय दोषान्,
धर्माय पापानि समाचरन्ति।
तैलाय बालाः सिकतासमूहं,
निपीडयन्ति स्फुटमत्वदीयाः।।

ગુણ કે લિયે લોગ કરતે હૈં, અસ્થિ-ધારણાદિક બહુ દોષ,
ધર્મ હેતુ પાપોં મેં પડતે, પશુ-વધાદિ કો કહ નિર્દોષ.
સુખહિત નિજ-તન કો દેતે હૈં, ગિરિ-પાતાદિ દુઃખ મેં ઠેલ,
યોં જો તવ મતબાહ્ય મૂઢ વે, બાલૂ પેલ નિકાલેં તેલ.

એનો અર્થ ઓલામાં આવશે ભાવાર્થમાં. આમાં તો આટલું છે.

'**અન્વયાર્થ :- હે પ્રભુ! જિસ પ્રકાર બાલક, તેલ કે લિયે બાલૂ કે સમૂહ કો પેલતે હૈં,...**' ઓહોહો..! બાળકને ખબર નથી કે વેળુમાં તેલ હોય છે. રામચંદ્રજીમાં આવે છે ને? છ-છ મહિના સુધી લક્ષ્મણને ઉપાડીને નીકળે છે. સમ્યગ્દૃષ્ટિ છે હોં! વિવેકી છે અંદરમાં. અસ્થિરતાના રાગના ... પરદ્રવ્ય કાંઈક બીજું જ કામ કરી રહ્યું છે. સ્વભાવ સ્વભાવનું કામ કરે છે. છ મહિના સુધી. દેવ આવીને ઘાણી માંડે વેળુની. વેળુ નાખે તેલ નીકળતું નથી. ત્યારે રામચંદ્રજી કહે એલા પણ આ ભૂલ્યો તું. વેળુમાં તેલ ન નીકળે. ત્યારે તમે શું કરો છો આ? આ મરી ગયા ને જીવતા થાશે હવે? આ મરી ગયા એ જીવતા થાય? કોઈ દિ' નહિ. અગ્નિમાં કમળ વાવવા ગયો. અગ્નિ અગ્નિ કરીને. મૂરખ! અગ્નિમાં કમળ વવાય નહિ. ઊગે નહિ. પણ તમે શું કરો છો ત્યારે આ? સમજાય છે? એવા બે-ત્રણ દાખલા કર્યા. પછી એના ખ્યાલમાં આવ્યું. ઓહો..! મારી રાગની ભૂલ હતી. રાગની મારી ભૂલ હતી, બાળી મૂકો. બાળી નાખ્યા.

તેલ માટે વેળુ પીલે. એમ ભગવાન! આપની દૃષ્ટિના ભાન વિના એ શુભના કામમાં વેળુ છે. એમાં તેલ ન નીકળે. સમજાય છે કાંઈ? એ વેળુને પીલી રાગની ક્રિયા, પુણ્યની ક્રિયા, વિભાવની ક્રિયા, સ્વભાવથી વિરુદ્ધ ભાવનું આચરણ. એને પીલી પીલીને આત્માનું તેલ કાઢવા માગે છે. શેઠી! વિરુદ્ધ આચરણ કરે છે. પ્રભુ! તારી આજ્ઞાથી. ચૈતન્યને કહે છે કે તારા સ્વભાવથી વિભાવના આચરણ કરીને સ્વભાવને પ્રગટ કરવા માગે છે એ વેળુ પીલીને તેલ કાઢવા માગે છે.

**'બાલક, તેલ કે લિયે બાલૂ કે સમૂહ કો પેલતે હૈં, ઠીક ઉસી પ્રકાર આપકે પ્રતિકૂલ ચલનેવાલે પુરુષ...'** આપકે પ્રતિકૂલ, આજ્ઞા સે પ્રતિકૂલ, ચૈતન્ય સ્વભાવથી પ્રતિકૂળ. **'સુખ કે લિયે દુઃખોં કો,...'** એ વૃત્તિ છે કે જાણે સુખની પ્રાપ્તિ થશે. રાગની પ્રાપ્તિથી જાણે આત્માનો આનંદ પ્રાપ્ત થશે. આપની આજ્ઞાથી વિરુદ્ધ અને આપના માર્ગથી વિરુદ્ધ અને આત્માથી વિરુદ્ધ. **'સુખ કે લિયે દુઃખોં કો, ગુણ કે લિયે દોષોં કો...'** શાંતિને માટે રાગને સેવીને શાંતિ મળશે, પ્રભુ! આપની આજ્ઞા એ નથી. આપ દેવે એ દિવ્ય શક્તિનું વર્ણન એમ કર્યું નથી.

**'ઔર ધર્મ કે લિયે પાપોં કો સમાચરિત કરતે હૈં.'** લ્યો! પાપનું આચરણ કરે ધર્મને માટે. અશુભથી ભલે વાત કરી. પણ એ પાપ જ છે. પુણ્ય ને પાપ ખરેખર નિશ્ચયથી આત્માની શાંતિના ઘાતક, આ એનું પાપાચરણ કરીને આત્માનું સમ્યગ્દર્શન અને જ્ઞાન પ્રાપ્તિ થાય, પ્રભુ! એ તારા તત્ત્વમાં એ છે નહિ. સહજ સ્વરૂપ સહજથી પ્રાપ્ત થાય એ સિવાય પ્રાપ્ત થાય નહિ. જુઓ આ .. આવે છે ને ઓલામાં પરમાત્મપ્રકાશમાં? નથી આવતું? વસ્તુ સ્તવન. ભાઈ આવે છે એક. વસ્તુ સ્તવન. રામચંદ્રજી આદિ ધર્માત્મા ગૃહસ્થાશ્રમમાં વસ્તુ સ્તવન કરતા. ભગવાનનું સ્તવન કરતા અને વસ્તુનું સ્તવન કરતા. એવો પાઠ છે ટીકામાં. નેમિદાસભાઈ! શેના ગાણા? આહાહા..! વસ્તુના. ભલે વિકલ્પથી હો. પણ વસ્તુ આ છે... વસ્તુ આ છે. પૂર્ણાનંદ ચૈતન્ય આનંદઘન! એવા વસ્તુમાં વસેલી પવિત્રતાનો પિંડ! આ એના ગાણા પ્રભુ રામચંદ્રજી આદિ શ્રાવકો ધર્માત્મા પણ ગાતા હતા. એ વિકલ્પથી એને પુણ્યાનુંબંધી પુણ્યબંધ થઈ જાય. પણ એ ભવમાં છૂટી જશે એને. પૂર્ણ શુદ્ધ ચૈતન્ય ઉપર અનુભવની દૃષ્ટિ હોવાથી આદર રાગનો છે નહિ. એ વસ્તુના સ્વરૂપના ગાણા ગાતા. ગાણા ગાતા એટલે એકાગ્ર થતાં થતાં, વિકલ્પથી ગાણા ગાય એ વ્યવહાર થયો, નિશ્ચયથી એકાગ્રતા એ ગુણના ગાણા. એ ગુણના ગાણાથી કેવળજ્ઞાનને પ્રાપ્ત થાશે. સમજાણું? **'સમાચરિત કરતે હૈં.'**

**'ભાવાર્થ :- હે ભગવન્! જો આપકે શાસનમેં નહીં ચલતે,...'** આપનું શાસન વીતરાગ શાસન. વીતરાગી શિખામણ. અરાગી જ્ઞાનની ધારા. એવામાં **'નહીં ચલતે, ઉન્હેં ધાર્મિક તત્ત્વોં કા સચ્ચા જ્ઞાન નહીં હો પાતા;...'** એને ધર્મના તત્ત્વો જે જડ-ચૈતન્ય, સંવર-નિર્જરા એનું ભાન હોતું નથી. જુઓ! એ રીતે પણ ભગવાનની સ્તુતિ કરીને ચૈતન્યની સ્તુતિ કરે છે. **'ઈસલિયે વે અજ્ઞાનિયોં કી તરહ ઉલ્ટે આચરણ કરતે હૈં.'** ઊંધા આચરણ કરે છે. ક્યાં માર્ગ અને ક્યાં વસ્તુનો સ્વભાવ અને એનાથી ઊંધે ચાલે છે.

**'વે કિસી સ્ત્રી, રાજ્ય યા સ્વર્ગ આદિ કો પ્રાપ્ત કર સુખી હોને કી ઈચ્છા સે તરહ-તરહ કે કાયક્લેશકર દુઃખ ઉઠાતે હૈં,...'** જુઓ! બધા કાયક્લેશ છે આત્માના ભાન વિનાના. કાયક્લેશ છે કે નહિ એ? કહ્યું છે કે નહિ દીપચંદજીએ? આ જંગલમાં ઢોર વસે અને આત્માના જ્ઞાનના ભાન વિનાના અને અનુભવ વિનાના, એ તપમાં પડ્યા એ

ઢોર જેવા છે. સમજાણું? એ મોહનું ભજન કરે છે પ્રભુ! આપ વીતરાગ સ્વભાવનું ભજન કરતો નથી. મોહને ભજે છે માળા મણકા ફરે છે અંદર. આ હો... આ હો... આ હો...

'**પર સકામ-તપસ્યા કા કોઈ ફલ નહીં હોતા;...**' અહીં સકામ લેવી છે ને ઇચ્છા. ઇચ્છાથી કાંઈ, રાગથી કાંઈક મળશે. '**ઇસલિયે વહ અંત મેં ભી દુઃખી હી રહતે હૈં. હમ મેં શીલ શાન્તિ આદિ ગુણોં કા વિકાસ હો-**' એમ ધારીને '**ઐસી ઇચ્છા રખતે હુએ ભી રતિ-લમ્પટી...**' એ રતિ-લંપટી, વિષયમાં લંપટ, '**ક્રોધી...**' રાગ અને દ્વેષ બેય થઈ ગયા. '**આદિ દેવોં કી ઉપાસના કરતે હૈં,...**' રાગ અને દ્વેષ જેમાં ભળ્યા હોય એવા દેવની સેવા કરે છે. પણ વીતરાગ પ્રભુ આપની સેવા કરી  શકતા નથી.

'**પર ઉન દેવોં કી શીલઘાતક...**' એ દેવો પોતે શીલઘાતક '**ઔર ક્રોધયુક્ત ક્રિયાઓં કા ઉન પર બુરા અસર પડતા હૈ,...**' અસર નામ જેમાં વિકારયુક્તપણું એના ગુણગ્રામ ગાય તો એને વિકારના ભાવનું જ અનુમોદન છે. સમજાણું કાંઈ? વિકારસહિત છે, દોષસહિત છે એની પ્રશંસા કરે છે એનો અર્થ એ થયો કે દોષની પ્રશંસા કરે. ઈશ્વર આવા કર્તા હતા, એણે આમ કર્યું, એણે આમ કર્યું. આ એવાની સ્તુતિ કરનારા ક્રોધ અને શીલઘાતકભાવની પ્રશંસા કરે છે. એની '**બુરા અસર પડતા હૈ,...**'નો અર્થ આ. એના ભાવમાં બુરો ભાવ આવે છે.

'**જિસસે ઉનમેં ગુણોં કા વિકાસ ન હોકર...**' એને કારણે ગુણનો વિકાસ થતો નથી. '**દોષોં કા હી વિકાસ હો જાતા હૈ.**' કારણ કે દોષવાનના પ્રશંસાથી દોષનો જ વિકાસ (થાય), ટકે ને ઠરે ને વધે ને પુષ્ટિ થાય. '**ઈસી પ્રકાર યજ્ઞાદિ ધર્મ કરને કી ઇચ્છા સે પશુ-હિંસા આદિ પાપ કરતે હૈં,...**' યજ્ઞ આદિ કરે છેને? એ વ્યવહારથી વાત .. લેવી. '**જિસસે ઉલ્ટા પાપબંધ હી હોતા હૈ. હે પ્રભો! યહ બિલ્કુલ સ્પષ્ટ હૈં કિ ઉનકી ક્રિયાએં ઉન બાલકોં જૈસી હૈ.**' સમજાણું કાંઈ? એ અજ્ઞાની બાળક જેવી છે. '**જો તેલ પાને કી ઇચ્છા સે બાલૂ કે પુંજ કો કોલ્હૂ મેં પેલતે હૈં.**' લ્યો! સંચામાં પીલી પીલીને તેલ કાઢવા માગે અને પછી, તેલમાં ઢેબરા તળવા માગે. તેલ નહિ નીકળે ત્યાં ઢેબરા ક્યાંથી તળતા હતા?

એમ હે ભગવાન! આપની વીતરાગી આજ્ઞા ચૈતન્ય શુદ્ધને આરાધવો, શુદ્ધની સેવા કરવી, શુદ્ધમાં રમવું, શુદ્ધને અંદરથી એકાકારને પ્રગટ કરવું. આ એની દૃષ્ટિની ખબર ન મળે અને આ વિકારની ક્રિયાકાંડને પીલી પીલીને આત્મા પ્રગટ કરવા માગે, પ્રભુ! મૂઢ છે એ જીવો. સમજાય છે કાંઈ? એ આપના ભગત નથી. એ ચેતનના ભગત નથી. તેથી વ્યવહારે આપના પણ ભગત છે નહિ. ૧૩ થઈ.

## કાવ્ય-૧૪

विषापहारं मणिमौषधानि,
मन्त्रं समुद्दिश्य रसायनं च।
भ्राम्यन्त्यहो न त्वमिति स्मरन्ति
पर्यायनामानि तवैव तानि।।

વિષહારક મણિ નાથ તુમ્હી હો, તુમ હી હો પરમૌષધિ રૂપ,
તુમ હી મંત્ર રસાયણ ભી તુમ, તુમ હી યંત્ર તંત્ર ગુણ ભૂપ.
તુમ્હેં છોડકર ઈન્હેં ઢૂંઢતે, ફિરેં વૃથા ગોતે ખાતે,
નાથ તુમ્હારે મણિ-મંત્રાદિક, અવિવેકી સમઝ નહીં પાતે.

અન્વયાર્થ :— હે પ્રભુ! (अहो) આશ્ચર્ય હૈ કિ લોગ (विषापहारम्) વિષ કો દૂર કરનેવાલે (मणिम्) મણિ કો, (औषधानि) ઔષધિયોં કો, (मन्त्रम्) મંત્ર કો (च) ઔર રસાયણ કો (समुद्दिश्य) ઉદ્દેશ્ય કરકે (भ्राम्यन्ति) યહાં-વહાં ઘૂમતે હૈં કિન્તુ (त्वम्) આપ હી મણિ હૈં, ઔષધિ હૈં, મંત્ર હૈં ઔર રસાયણ હૈં (इति) —ઐસા (स्मरन्ति) સ્મરણ નહીં કરતે ક્યોંકિ (तानि) વે મણિ આદિ (तव एव) આપ કે હી (पर्यायनामानि) પર્યાયવાચી શબ્દ હૈં.

ભાવાર્થ :— હે ભગવન્! જો મનુષ્ય શુદ્ધ હૃદય સે આપ કા સ્મરણ કરતે હૈં, ઉનકે વિષ વગૈરહ કા વિકાર અપને આપ દૂર હો જાતા હૈ. ૧૪.

કહા જાતા હૈ કિ એક સમય સ્તોત્ર કે રચયિતા કવિવર ધનંજય મંદિર મેં બૈઠકર સ્તુતિ પાઠ કી રચના કર રહે થે; ઉસી સમય ઉનકે પુત્ર કો સર્પ ને ડસ લિયા, તબ ઉનકી પત્નિને ઉન્હેં મંદિર સે બુલવાયા પરંતુ વે પૂજન-સ્તવન છોડકર નહીં આયે તો ઉનકી પત્નિ કો અત્યંત ક્રોધ આયા ઔર ક્રોધાવેશ મેં વહ પુત્ર કો મંદિર મેં ડાલકર જાને લગી, ઉસી સમય સહજ હી કવિ ને 'વિષાપહારં મણિમૌષધાનિ... આદિ' શ્લોક કી રચના કી તો તત્કાલ ઉનકા પુત્ર પુણ્ય-યોગ સે એવં જિનેન્દ્રભક્તિ કે પ્રભાવ સે ઉઠકર બૈઠ ગયા ઔર ઉસકા વિષવિકાર બિલકુલ દૂર હો ગયા.

ઈસ શ્લોક મેં વિષાપહાર શબ્દ કા પ્રયોગ હુઆ હૈ — યહી કારણ હૈ કિ ઈસ સ્તોત્ર કા નામ વિષાપહાર સ્તોત્ર પ્રચલિત હુઆ. ૧૪.

## કાવ્ય-૧૪ ઉપર પ્રવચન

૧૪મી. હવે વિષાપહાર શબ્દ આવ્યો આમાં.

विषापहारं मणिमौषधानि,
मन्त्रं समुद्दिश्य रसायनं च।
भ्राम्यन्त्यहो न त्वमिति स्मरन्ति
पर्यायनामानि तवैव तानि।।

**વિષનાશક મણિ મંત્ર રસાયન, ઔષધ કે અન્વેષણમેં,**
**દેખો તો એ ભોલે પ્રાણી, ફિરે ભટકતે વન વનમેં.**
**સમજ તુમ્હેં હી મણિ મંત્રાદિ, સ્મરણ ન કરતે સુખદાયી,**
**ક્યોંકિ તુમ્હારે હી યહ સબ, કહે પર્યાયી.**

લ્યો! આમાં નામ આવ્યું વિષાપહાર. છે ને? જે આ સ્તોત્રનું નામ છેને એમાં એ આવ્યું. ત્યાં ઓલો છોકરો બેઠો હતો એમ કહે છે. આ જ્યાં ચૌદમી ગાથા ચાલી... ઓલા છોકરાને સર્પ કરડ્યો હતો. એના દીકરાને. ભગવાન પાસે લાવીને નાખ્યો મંદિરમાં. અને સ્તુતિ ચાલી પોતાના ધ્યાનથી. અહીં જાગૃત જ્યાં થયો અને પરિણામ થયા ઓલો બેઠો થઈ ગયો. જુઓ! આ નિમિત્ત નિમિત્ત સંબંધ.

ભક્તામરમાં પણ આવે છે કે નહિ? હે પ્રભુ! આપની ભક્તિ કરનારા આમ હાથીઓ જ્યાં આમ લાખો મરી ગયા હોય અને જ્યાં મોતી મુક્તાફળ નીકળ્યા હોય એમાં પણ આપનો ભગત જીતીને નીકળે. અંદરમાં પણ જીતીને નીકળે અને બહારમાં એવા એના પુણ્યનો યોગ મેળ ખાઈ જાય. એને યુદ્ધ-બુદ્ધમાં કોઈ નડે નહિ. સિંહ બે પગની મધ્યમાં આવી ગયો હોય. ભક્તામરમાં છે, છે ને? ઓલા ક્રમનો વાંધો છે એ. ક્રમ-ક્રમ. સિંહના બે પગના મધ્યમાં આવેલો પણ હરણ કે માણસ, પ્રભુ! આપની ભક્તિ જો કરતો હોય તો ફડાક દઈને છૂટે. જેમ ધાણીમાંથી દાણો છૂટીને ફડાક આઘો વયો જાય. (એમ) એના સિંહના પંજામાંથી છૂટી જાશે. પ્રભુ! આપની ભક્તિની અચિંત્ય કોઈ મહિમા છે! સમજાણું કાંઈ? હીરાભાઈ! એ પુણ્ય એ જાતનું થઈ જાય છે અને એ પ્રકારનો યોગ થાય છે. એ અંદર ન થાય એ પરમાર્થે અંદરની પવિત્રતા પ્રગટે છે. એની વાતું અહીંયાં ગાણા ગવાય છે. ભક્તામરમાં તો બહુ લીધું છે. હાથી ને સિંહ ને મોટો દાવાનળ સળગતો હોય. જલંધર રોગ હોય. બધું પ્રભુ! આપની ભક્તિ જલંધર રોગ તો આ પેટ ફાટીને જે રાગ-દ્વેષમાં ગયું એ જલંધર રોગ છે. એ ચૈતન્યના સ્વભાવના ભાન દ્વારા એ જલંધર રોગનો નાશ થાય છે. અને પુણ્યનો યોગ હોય તો બહારનો

પણ નાશ થાય છે. સર્પનું. બધા ઘણા છે એમાં.

**'આશ્ચર્ય હૈ કિ લોગ વિષ કો દૂર કરનેવાલે મણિ કો,...'** વિષને નાશ કરવાવાળો મણિ. મણિ. આ મણિ એમ કે વિષને નાશ કરવાવાળું (છે). આવે છેને? ઔષધા. એ બીજું. **'કરનેવાલે મણિ કો, ઔષધિયોં કો,...'** રાખે છે ને આ નહિ સર્પવાળા? શું કહેવાય એ? નોરો. સર્પ કરડ્યો હોય એટલે એ નોરો હોય છે આમ. એને લોકો ગોતે છે કહે છે સર્પનું ઝેર ઉતારવા માટે. કાં ઔષધિને, કાં મંત્રને. મંત્ર હોય છે ને સર્પના ને ફલાણાના? **'રસાયન કો...'** રસાયણને. અને **'ઉદ્દેશ્ય કરકે યહાં-વહાં ઘૂમતે હૈં...'** અરે..! કલ્પવૃક્ષને ગોતે. કલ્પવૃક્ષ ઝાડ ક્યાંય છે? અરે..! કામધેનુ ગાય ક્યાંય છે? એને ગોતે છે પ્રભુ! વન વનમાં ભટકતો અનાદિનો.

**'યહાં-વહાં ઘૂમતે હૈં...'** **'भ्राम्यन्ति'** છેને? **'આપ હી મણિ હૈં,...'** પ્રભુ! આપનું નામ જ મણિ છે. ઝેરને ઉતારવા માટે મણિ આપ જ છો પ્રભુ! સમજાય છે કાંઈ? વીતરાગને કહે છે અને આત્માને કહે છે, ચૈતન્યમણિ તું જ છો. એ અપરનામ છે કીધું ને એમાં? પર્યાયવાચી એટલે બીજા બીજા એ તારા જ નામ (છે). ચૈતન્યપ્રભુ! આ તારા જ નામ બીજી જાતના બધાય પડ્યા છે આ. સમજાણું કાંઈ? ભગવાનની ભક્તિમાં ભગવાનને પણ એમ કહે છે અને પોતાના આત્માને પણ કહે છે કે તારા નામમાં, તારું જ નામ મણિ છે. ઓલું મણિ નહિ. તું જ મણિ છો.

**'આપ હી ઔષધિ હૈં,...'** ઔષધ વિચાર ધ્યાન. આવે છેને? એ વિચાર. આપ જ ઔષધિ છો. પૂર્ણાનંદ પ્રભુ, આપની પ્રગટ દશા એ જેની સત્તામાં બેઠી, જેના અસ્તિત્વમાં બેઠી, એવું ઔષધ લાગું પડ્યું કે જન્મ-મરણનો રોગ એને ગયો. એ ગાંઠ ગળી ગઈ એની જન્મ-મરણની. એને પ્રભુ હવે રોગ રહેશે નહિ. અને બહારમાં પણ પુણ્યનો ઉદય હોય તો એવો પ્રસંગ બની જાય. **'મંત્ર હૈ ઔર રસાયન હૈં...'** રસાયણ છેને? સિદ્ધરસ કહે છે ને? શું કહે છે? અંદર નાખ્યો છે ને એ શબ્દ કાંઈક. રસાયણ એટલે સિદ્ધરસ. રસ સિદ્ધ થઈ ગયેલો એમ. રસાયણ એટલે રસ સિદ્ધ થઈ ગયેલો. સિદ્ધ થયેલો એટલે આમ પાણી હોય એને મંત્રીને એવો રસ સિદ્ધ થઈ ગયો કે, જ્યાં પત્થર ઉપર નાખે ત્યાં સોનું થાય. આવે છે ને? શેમાં? 'આત્મઅવલોકન' શું કહેવાય? તુંબી રસ. એક જણે તુંબી રસ પ્રગટ કર્યો એના ભાઈએ. લઈને ગયો ઓલાને ઘરે સાહેબ રાખો આ તુંબી રસ. છોડ્યો ફડાક દઈને. હવે તારા તુંબી રસ, ચૈતન્યરસ અહીં છે ને. આના માટે તેં રાજ છોડ્યું હતું? દીક્ષા આના માટે લીધી? ક્યાં ભ્રમાઈ ગયો આમાં? પણ કહે મોટું ઘણા વર્ષનું બહુ મહેનત કરીને તુંબીરસ પ્રગટ્યો છે. સિદ્ધરસ છે આ. સિદ્ધરસ સિદ્ધરસ. નક્કી થઈ ગયેલો. ફૂટી ગયો. હાય-હાય! આ તમે શું કર્યું? હાય મોટી પત્થરની શીલા ઉપર પેશાબ કર્યો ત્યાં ફડાક સોનું થઈ ગયું. હવે સાંભળને! તારા રસાયણ અને આવા ઉપરમાં વનમાં ભટક્યો. ચૈતન્ય ભગવાન

અંતર બિરાજમાન પરમાત્મા પરમ પુરુષોત્તમ પુરાણ પુરુષ. સમજાય છે કાંઈ? પુરાણ પુરુષ. અનાદિનો પુરુષ આત્મા છે. એના સમીપમાં જા. તારા જન્મમરણના નાશ કરીને. સોનાને કાટ ન લાગે એવો ભગવાન બનાવી દેશે. આવા બધા .. તું ત્યાગી થયો અને સાધુ થયો? વનસ્પતિયું ગોત્યું અને એમાં સિદ્ધરસ પ્રગટ કર્યો. ધૂળ કરી તેં પ્રગટ કરીને. સમજાય છે? આને માટે મુંડાણો છો? ... આહાહા..!

એમ જગતના પ્રાણી. ઈચ્છાથી કાંઈક મળશે અને આમ કરશું, પુણ્ય થશે તો સ્વર્ગમાં જઈશું ને આ મળશે. હવે આના માટે મુંડાણો? આત્માનો ધર્મ કરવા એના માટે મથ્યો? એ તો આત્માની સમીપમાં જતાં સહેજે એવા પુણ્ય બંધાઈ જાય, સહેજે એવા સંયોગો થઈ જાય. એ ઈચ્છા હોઈ શકે નહિ. કહે છે કે પ્રભુ! આપનું નામ મણિ, આપનું નામ ઔષધિ, આપનું નામ મંત્ર, આપનું નામ રસાયણ, આપ કલ્પવૃક્ષ, આપ કામધેનું. જે કહો તે આપ બધુંય છો.

**'ऐसा स्मरण नहीं करते क्योंकि वे मणि आदि आपके ही पर्यायवाची शब्द हैं.'** અનેરા અનેરા નામ તારા જ પ્રભુ એ છે. સમજાય છે? આ જુદા જુદા નામ આ બધા તારા છે. જગતમાં નામ કહે છે બીજાના એ વાત ખોટી છે.

**'भावार्थ :- हे भगवन्! जो मनुष्य शुद्ध हृदय से आपका स्मरण करते हैं,...'** **'शुद्ध हृदय से आपका स्मरण करते हैं, उनके विष वगैरह का विकार अपने आप दूर हो जाता है. कहा जाता है कि एक समय...'** આમાં નાખ્યું એણે. **'स्तोत्र के रचयिता धनंजय...'** કવિ. ધનંજય કવિ. જેનું ધન છે અને જેને જય છે જેનો. સમજાય છે? એવા ધનંજય કવિ કે **'पुत्र को सर्प ने डस लिया,...'** સર્પ એને કરડ્યો. **'तब वे अन्य उपचार न कर...'** બીજા ઉપચાર ન કરી **'उसे सीधे ही जिनमंदिर में ले गये...'** ઘણી વાતમાં જુદું જુદું આવે છે. કોઈ કહે ત્યાં લઈ ગયા. કોઈ કહે, સ્ત્રી નાખી ગઈ. એમ આવતું હશે. **'और वहां विषापहार स्तोत्र रचकर भगवान के सामने पढने लगे...'** સમજાણું? એકને સર્પ કરડ્યો હતો. પણ સાધારણ હશે. પછી આવીને કાંઈ ઉપાય ન કર્યા અને આવીને ભાઈ બેઠો પોષો કરીને. ચડ્યું નહિ. એટલે લોકોને (એમ કે) ઓહોહો..! પણ કુદરતે સર્પ પણ સાધારણ હશે ને? એટલે ત્યાં જઈને નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... ચડ્યો નહિ. ઓહોહો..! ક્યાં ગયા છોટાભાઈ નથી આવ્યા? નહિ આવતા હોય. એને પણ સર્પ કરડ્યો હતો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, હીરાજી મહારાજ. નવકાર ગણો ભાઈ નવકાર ગણો. એમ કીધું. શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરિબળ છે. નવકાર એટલે આત્માનો સ્વભાવ! નવકાર એટલે નમો અરિહંતાણં...

'અરિહંત' એટલે વિકારના વેરી રૂપે ભાવને હણનાર એવો ચૈતન્યપ્રભુ! તે સાક્ષાત્ પોતે અરિહંત છે. 'સિદ્ધાણં'. સિદ્ધ સ્વભાવ જેણે સાધ્યો છે એ સાધનારો પોતે જ સાધુ છે. કહ્યું છે ને ઓલામાં એક ફેરી નથી? પરમાત્મપુરાણમાં લીધું છે ભાઈ! એક એક ગુણને, એક એક ગુણને વેપારી, વૈશ્ય, શુદ્ર, બ્રાહ્મણ, ક્ષત્રિય ઉતાર્યા છે. એક એક ગુણને. એક એક ગુણ પોતે ક્ષત્રિય છે. પોતાના શુરવીરતાપણે પોતાનું કામ કરી રહ્યો છે. બીજાની સહાય નથી. પ્રભુ! એક ગુણ જ પોતે.. એ ગુણનો વેપાર પોતે સ્વતંત્ર કરી રહ્યો માટે તેને વેપારી કહ્યો. એની પરિણતિનો પોતે પરિણતિ કરીને પોતાની સેવા કરી રહ્યો છે માટે તેને શુદ્ર કહેવામાં આવે છે. 'બ્રહ્માનંદ એવો આત્મા' બ્રહ્મ આનંદને લપેટીને પડ્યો છે માટે ગુણને બ્રહ્મ નામ બ્રાહ્મણ કહેવામાં આવે છે. ઓહોહો..! એક એક પરમાત્મપુરાણ છે એ. એ દીપચંદજીએ કરેલું છે. પરમાત્મપુરાણ. એમાં દરેક ગુણને ચાર-ચાર બોલે ઉતાર્યા છે. દરેક ગુણને. તમારા ઓલા વેપારમાંથી કાઢીને આ વેપારમાં જોડી દીધા છે. ધૂળના વેપાર કરતો નથી, મફતનો એમાં હેરાન થઈને હાલ્યો. દુઃખી થાય છે દુઃખી... દુઃખી... આ વેપાર. ઓહોહો..! પ્રભુ! તારા એક એક ગુણનો વેપાર. તું વાણિયો બહુ. વાણિયો હોં! જોઈ જોઈને કામ લેનારો. એ જ્ઞાનમાં, દર્શનમાં, આનંદમાં, વીર્યમાં, શાંતિમાં, અગુરુલઘુમાં એક એક શક્તિને વૈશ્ય તરીકે વર્ણવી, બ્રાહ્મણ તરીકે, ક્ષત્રિય તરીકે અને શુદ્ર તરીકે વર્ણવી છે.

આને એવું જોર કરતા અંદરનું. **'વહીં જહાં विषापहारं मणिमौषधानि.. આદિ... શ્લોક કો પૂરા કરતે હૈં' 'विषापहारं मणिमौषधानि,' 'ત્યોંહી પુત્ર ઉઠકર બૈઠ જાતા હૈ.'** એમ આત્મામાં સાવધાનપણે જ્યાં એકાગ્ર થાય છે ત્યાં એકદમ જાગૃત થઈને આત્મા પુરાણ પુરુષ હું છું એમ જાગૃત થઈને આત્મા પોતે બોલી ઉઠે છે. **'ત્યોંહી પુત્ર ઊઠકર બૈઠ જાતા હૈ. ઈસકા વિષ વિકાર બિલકુલ દૂર હો ગયા. કવિને સ્તોત્ર કો પૂરા કિયા. ઈસકે પાઠસે વિષવિકાર દૂર હુઆ થા. ઈસલિયે ઉસકા નામ વિષાપહાર સ્રોત પ્રચલતિ કિયા.'** આને નામે પ્રચલિત થઈ ગયો. ચૌદમો શ્લોક બોલતા હતા ત્યાં આમ થઈ ગયું. ઓલામાં આવે છે ને ભક્તામરમાં. અમુક જ્યાં સ્તવન કરતા, કરતા તાળા તૂટ્યા ફડાક ફડાક. અંદરના તાળા તૂટ્યા અને બહારના તાળા તૂટ્યા. અંદરમાં શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... થઈ ગઈ અંદર. અને બહારમાં તાળા (તૂટ્યા). પુણ્યનો યોગ અને ફડાક તૂટી ગયા અંદરથી. એવા કોઈ ભગવાનના પરમાત્મા! ત્રિલોકનાથ ભગવાન! જેની ઈન્દ્ર સેવા કરે. હે દક્ષિણના સ્વામી! અને ઉત્તરના સ્વામી! ઈશાન ઈન્દ્ર. દક્ષિણનો સ્વામી શકેન્દ્ર. એ પણ જેની પાસે મુગટ નમીને દાસાનુદાસ થઈને સેવા કરે. એવા પરમાત્માની ભક્તિના કરનારને અંતરની પરિણતિ તો શુદ્ધ થાય, પોતાને સાધને. પણ એને બહારમાં સંયોગો અનુકૂળ સહેજે મળી જાય. ઝેર ઉતરે શું? આખો ઝેર ચડીને આમ જાણે મરી ગયો હોય એમ લાગતું હોય. ફડાક દઈને જાગે. એ અનાદિનો મરી ગયો છે ને વિકલ્પને પોતાનું સ્વરૂપ માનીને.

પરને પોતાનું માન્યું એ તારું મોટું મડદું તેં કરી નાખ્યું. એ જ્યાં અંતર ચૈતન્યની જાગૃતિ ને શ્રદ્ધા જ્ઞાન કર્યા, એ ચૈતન્ય જાગૃત થઈને ઊભો થઈ ગયો. આ એનું નામ વિષાપહાર સ્તોત્ર કહેવામાં આવે છે. એ ૧૪ ગાથા થઈ. ૧૫મી કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

